ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**રમેશ પુજારા**
સિનિયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
કોષાધ્યક્ષ, શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર
મો. ૯૪૨૬૦ ૦૨૫૦૧



**કાશ્મીરા ડી. વ્યાસ**
મો. ૯૪૨૮૦ ૫૦૪૭૨



**અનિતાબેન દિનેશસિંહ ચાવડા**
મો. ૯૫૧૨૨ ૧૨૨૨૮



**સુરેશ સી રાવલ**
નિવૃત્ત પ્રમુખ, પીડબલ્યુડી કર્મચારી મંડળ, ગુજરાત
મો. ૯૪૨૭૭ ૧૪૧૪૩

# હવે એસટીની ૨૦૦૦થી વધુ બસમાં જીપીઆરએસ મુકાશે

## બસ નિયમિત પહોંચતી નથી અને અન્ય શ્રેણીબદ્ધ ફરિયાદ બાદ નિર્ણય : માર્ચ સુધીમાં જીપીઆરએસથી બસ સજ્જ

અમદાવાદ,તા. ૩૦

એસટીની ૨૦૦૦થી પણ વધુ બસોને જીપીઆરએસથી સુસજ્જ કરવામાં આવશે. માર્ચ મહિનાના અંત સુધીમાં આ કામગીરીને પૂર્ણ કરી લેવામાં આવશે. પ્રથમ તબક્કામાં આઠ ડિવિઝનનો સમાવેશ થાય છે. ગુજરાત એસટી ડેપોના કાયાકલ્પ, એસટી નિગમે નવી બસોની ખરીદી, મીનીબસો દોડાવવાના નિર્ણય બાદ એકસપ્રેસ બસમાં બેસનાર મુસાફરોને નિર્ધારીત સમયે પહોંચાડવાની નેમ સાથે રાજય એસટી નિગમ દ્વારા ૨૨૦૦ એસટીની એકસપ્રેસ લકઝરી બોને જીપીઆરએસથી સજ્જ કરવાનો નિર્ણય લીધો છે. સત્તાવાર સુત્રો પાસેથી મળતી વિગત મુજબ રાજય એસટી નિગમ દ્વારા એસ.ટી ડ્રાઈવરો દ્વારા ખુબ જ લાંબો સમય સુધી સ્ટોરેજ આપવા તેમજ બસ નિયમિત ન પહોચાડવા જેવી બાબતોને લઈને બસ કઈ જગ્યાએ કેટલીવાર ઉભી રહી અને બ્રેક ડ્રાઊન કે અકસ્માતના સંજોગોમાં મુસાફરીને તાત્કાલીક બચાવ અને રાહત માટે નિગમ દ્વારા બસમાં જી.પી.આર.એસ લગાવવાનો નિર્ણય લેવાયો છે. આ એસટી બસોને માર્ચ-૨૦૧૬ સુધીમાં જી.પી.આર.એસ થી સજ્જ કરી દેવામાં આવશે. આ પાછળનો મુખ્ય ઉદેશ્ય ખાનગી ટ્રાવેલ્સની બસ સામે સ્પધા ટકી રહેવાની સાથે સર્વિસમાં નિયમિતતા અને સમયબધ્ધતા લાવવાનો છે. આ માટે આઠેય ડિવિઝનલ કચેરીમાં વિશેષ કંટ્રોલમાં ઉભી કરવામાં આવશે જે તમામ અવર જવર કરતી બસોનું મોનીટરીંગ કરશે.

# કોંગ્રેસે છ મનપાના વિપક્ષી નેતાના નામની જાહેરાત

## મ્યુનિ કમિશનરો તથા સેક્રેટરીને સત્તાવાર રીતે કોંગ્રેસ પક્ષ તરફથી જાણ કરવામાં આવી છે : અટકળોનો અંત આવ્યો

અમદાવાદ, તા.૩૦

તાજેતરમાં રાજયમાં યોજાયેલ છ મહાનગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે સત્તાવાર જાહેરાત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડા. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, તમામ છ મહાનગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા તમામ સભ્યોનો વ્યક્તિગત મત લેવામાં આવ્યો હતો.

સમગ્ર અભિપ્રાય પ્રક્રિયા બાદ પક્ષના નેતા તરીકે નીચેના નામોને કોંગ્રેસ પક્ષે મંજુરી આપી છે. સંબધકર્તા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નર અને સભા સેક્રેટરીને કોંગ્રેસ પક્ષ તરફથી નવનિયુક્ત મ્યુનિસિપલ કોર્પોરેશનના નેતાના નામની વિધિવત જાણ કરવામાં આવેલ છે. છ મહાનગરપાલિકાના નવનિયુક્ત પક્ષના નેતાઓને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, શહેરી નાગરિકોના પાયાના પ્રશ્નો અંગે સક્રિયતાથી કામગીરી કરવી આવશ્યક છે. શહેરી વિસ્તારમાં ટેક્ષ ભરતા નાગરિકોને અને ખાસ કરીને મધ્યમ વર્ગ માટે કોંગ્રેસ પક્ષ અવાજ બનશે અને તેમાં ચૂંટાયેલી પાંખના નેતા તરીકે વિશેષ ફરજ બને છે ચૂંટાયેલી પાંખ અને સંગઠન વચ્ચે સંકલન સહયોગથી શહેરી નાગરિકો માટે જવાબદેહી વિપક્ષની કામગીરી અદા કરશે.

## વિપક્ષી નેતાની યાદી

છ મહાનગરપાલિકામાં કોંગ્રેસ પક્ષના નેતાની સત્તાવાર જાહેરાત આજે કરવામાં આવી હતી. આની સાથે જ હાલમાં ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. અમદાવાદમાં દિનેશ દયાળ શર્માની વિપક્ષી નેતા તરીકે વરણી કરવામાં આવી છે.

| | |
|---|---|
| અમદાવાદ | દિનેશ શ્રીદયાલ શર્મા |
| રાજકોટ | વશરામ આલાભાઈ સાગઠીયા |
| વડોદરા | ચંદ્રકાંન્ત રામચંદ્ર શ્રીવાસ્તવ |
| સુરત | પ્રફુલભાઈ છગનભાઈ તોગડીયા |
| ભાવનગર | જયદિપસિંહ દિલાવરસિંહ ગોહિલ |
| જામનગર | અસ્લમ કરીમભાઈ ખીલજી |

# પાઠ્યપુસ્તક મંડળના ગોડાઉનમાંથી ૩.૩૪ લાખના પુસ્તકોની ચોરી

## ધોરણ-૭ અને ૮ના પ્રથમ સેમેસ્ટરના પુસ્તકોની અડાલજ સ્થિત ગોડાઉનમાંથી બરીના સળીયા કાપીને થયેલી ચોરી : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત પાઠ્યપુસ્તક મંડળના અડાલજ સ્થિત મોર્ડન બિલ્ડીંગના ત્રણ નંબરના ગોડાઉનમાંથી ૩.૩૪ લાખની કિંમતના ધોરણ-૭ અને ૮ના પ્રથમ સેમેસ્ટરના પુસ્તકોની ચોરી થવા પામી છે.

મળતી માહિતી મુજબ ગુજરાત પાઠ્યપુસ્તક મંડળના ડેપ્યુટી સ્ટોર મેનેજર નરેન્દ્રકુમાર નટવરલાલ શાહે અડાલજ પોલીસ મથકમાં ગોડાઉનમાંથી થયેલા પુસ્તક ચોરીની ફરિયાદ નોંધાવી છે. અડાલજ મોર્ડન બિલ્ડીંગના ત્રણ નંબરના ગોડાઉનની બારીના સળીયા કાઢી અંતરથી ધોરણ-૭ અને ધોરણ-૮ના પ્રથમ સેમેસ્ટરના પુસ્તકોનો મોટો જથ્થો ચોરી થઈ જવા પામ્યો છે. ૩.૩૪ લાખની કિંમતના પુસ્તકોની ચોરી અંગે ડેપ્યુટી સ્ટોર મેનેજર નરેન્દ્રકુમાર શાહની ફરિયાદ લઈ અડાલજ પોલીસો ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.



અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી ગટરોના અનેક વિસ્તારોમાં ઢાંકણ વગર ખુલ્લી રાખી દેવામાં આવી છે. મંગળવારે બપોરે મોડાસાના કડીયાવાડા રોડ પર આવેલા પી.સી. શાહ એસ્ટેટની બહાર નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલ ગટરને ઢાંકણ ન હોવાથી રખડતી ગાય ખુલ્લી ગટરમાં ખાબકી હતી. આ અંગે પી.સી. શાહ એસ્ટેટના રહીશોને જાણ થતા આ ઘટનાની જાણ મોડાસાના ગોપાલકો અને નગરપાલિકા તંત્રને થતા તાબડતોબ ઘટના સ્થળે પહોંચી જેસીબી મશીનથી ખાડો ખોદી ગાયને બહાર કાઢી બતાવી લેવાઈ હતી. અશોકભાઈ રાઠોડના જણાવ્યા મુજબ ગાયના શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. કેટલાક કલાકો વિતી ગયા હોત તો ગાયને બચાવવી મુશ્કેલ થઈ પડત.

# જીએસટીને કારણે ગુજરાતને વર્ષે ૧૦૮૦૦ કરોડનો ફટકો

ગાંધીનગર,તા. ૩૦

જીએસટીને લઈને વિવાદ અકબંધ રહ્યો છે ત્યારે જીએસટીના પરિણામ સ્વરુપે ગુજરાત સરકાર પર એક વર્ષમાં ૧૦૮૦૦ કરોડથી વધુનો બોજ પડી શકે છે. રાજ્ય સરકાર દ્વારા રેવન્યુ નુકસાન માટે કેન્દ્ર પાસેથી વળતર તરીકે જંગી માંગ કરી છે. ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ વ્યવસ્થા જ્યારે અમલમાં આવશે ત્યારે રાજ્યને મહેસુલી નુકસાન તરીકે જંગી આંકડો રહેશે. કેન્દ્ર પાસેથી મોટી માંગ પણ કરવામાં આવશે. રાજ્યના વાણિજ્ય વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, જો જીએસટી વ્યવસ્થા ૨૦૧૬-૧૭થી અમલી બની જશે તો ગુજરાતને સીધીરીતે ૧૦૮૦૦ કરોડનું નુકસાન થશે. વધુમાં બે ટકાના સીએસટી અથવા સેન્ટ્રલ સેલટેક્સની સ્થિતિમાં વધુ નુકસાન રહેશે. અગાઉ ગુજરાત સરકારે સૂચિત ફોર્મ્યુલાને લઈને વાંધો ઉઠાવ્યો હતો.

# રવિ કૃષિ મહોત્સવનો આજથી શુભારંભ થશે

અમદાવાદ, તા.૩૦

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલ ગુરૂવાર તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ના રોજ કચ્છ ભુજના વેકરીયા રણથી રાજયવ્યાપી રવી કૃષિ મહોત્સવ ૨૦૧૫નો પ્રારંભ કરાવશે.

આનંદીબેન પશુપાલન વિભાગ દ્વારા આયોજીત કેમલ શો અંતર્ગત ઊંટ નિદર્શન અને હરીફાઈના વિજેતાઓને ઈનામો તથા ૧૦ ગામ વચ્ચે એક પશુ દવાખાનાની યોજનાનું લોન્ચીંગ પણ કરવાના છે. કૃષિ પશુપાલન મંત્રી બાબુભાઈ બોખિરીયા પણ આ અવસરે ઉપસ્થિત રહેશે.

# હિંમતનગરની હિંમત હાઈસ્કૂલ ખાતે પરિસંવાદ યોજાયો

હિંમતનગર, તા.૩૦

પ્રેસ અકાદમી ગાંધીનગર અને સંયુકત માહિતી નિયામક અમદવાદ તથા જિલ્લા માહિતી કચેરી હિંમતનગરના સંયુકત ઉપક્રમે હિંમતનગરની હિંમત હાઈસ્કુલ ખાતે યુવા પરીસંવાદનું






આયોજન કરવામાં આવ્યું હતું.

રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ પૈકી જરૂીયાત મંદ વિધાર્થીઓ માટે આશિર્વાદ સમાન મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજના વિષય પર વિધાર્થીઓને માર્ગદર્શન આપતા ધીરજભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, રાજયના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન આપતીઅને ગરીબ, મધ્યમ વર્ગના પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરની સમાન તક મળી રહે તે આશય જનકલ્યાણની અભૂતપૂર્વ યોજના રાજય સરકાર ધ્વારા અમલી બનાવવામાં આવી છે.

જેમાં સરકારી માધ્યમિક ઉચ્ચત્તાર માધ્યમિક શાળાના બધા જ વિદ્યાર્થીઓને આવક મર્યાદા સિવાય મફત પાઠયપુસ્તક અપાશે. ઉપરાંત પ્રાથમિક શિક્ષણમાં બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને મફત ગણવેશ, પાઠયપુસ્તકો અને શિષ્યવૃત્તિના લાભો આપવામાં આવશે

વર્ષ ૨૦૧૫ના શૈક્ષણિક વર્ષથી અમલમાં આવેલી આ યોજનાની વાત કરતા ભટ્ટે ઉમેર્યુ હતુ કે, કોઈપણ જાતના જ્ઞાતિજાતિના ભેદભાવ સિવાય ફકત મેરીટના આધારે આપવાનો નિર્ણય કર્યો છે. યોગ્યતા પ્રાજ્ઞ વિદ્યાર્થીઓને આ યોજનાને લાભ મળશે જેના થકી રાજયમાં ઉચ્ચ શિક્ષણ માટે અને સરકારી નોકરીઓની ભરતી શરતોમાં જરૂરી સુધારા કરી મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજનાને અમલી બનાવવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

રાજયમાં મેડીકલ શિક્ષણ માટે એમ.બી.બી.એસ.માં તથા ડેન્ટલ કોલેજમાં પ્રવેશ મેળવી અભ્યાસ કરતા અને રૂા. ૪.૫૦ લાખ કરતાં ઓછી કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા વિદ્યાર્થીઓ માટે ધોરણ૧૨માં બોર્ડની પરીક્ષામાં ૯૦ પર્સેન્ટાઈલ એટલે કે પ્રથમ ૧૦ ટકામાં આવતા તમામ વિદ્યાર્થીઓ માટે કોર્ષની અવધિ દરમિયાન સેલ્ફ ફાઈનાન્સ કોલેજ તથા ગુજરાત મેડીકલ એજયુકેશન રીસર્ચ સોસાયટી (GMERS) કોલેજમાં ફીની ૫૦ ટકા સહાય રૂ. ૨ લાખની મર્યાદામાં દર વર્ષે આપવામાં આવશે. આમ, પાંચ વર્ષના મેડીકલ કોલેજના અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થીને રાજય સરકાર તરફથી રૂ. ૧૦ લાખ સુધીની ફી સહાય આપવામાં આવશે.

પ્રોફેશનલ કોર્ષિસ જેવા કે, એન્જીનીયરીંગ, ફાર્મસી, આયુર્વેદ, હોમિયોપેથી, નર્સિંગ, ફીઝીયોથેરાપી વગેરેના અભ્યાસ માટે પણ બોર્ડની ધોરણ૧૨ની પરીક્ષામાં ૯૦ પર્સેન્ટાઈલ એટલે પ્રથમ ૧૦ ટકામાં આવતા અને રૂા. ૪.૫૦ લાખની મર્યાદામાં કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા વિદ્યાર્થીઓ માટે કોર્ષની અવધિ દરમિયાન સેલ્ફ ફાઈનાન્સ કોલેજની ફીની ૫૦ ટકા સહાય રૂ. ૫૦ હજારની મર્યાદામાં દર વર્ષે આપવામાંઆવશે. આમ, ચાર વર્ષના અભ્યાસક્રમોમાં રાજય સરકાર વિદ્યાર્થી દીઠ રૂ. બે લાખ સુધીની ફી સહાય પેટે આપશે. પરીસંવાદમાં જિલ્લા માહિતી અધિકારી આર.એસ.પટેલ માહિતી મદદનીશ હરીશ પરમાર હાઈસ્કુલના સુપરવાઈઝર અશ્વિનભાઈ વેદીયા, બી.આઈ. મલેક સહિત શાળા પરીવારના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત વહીવટીય સેવાના ૧૨ અધિકારીઓને આઈ.એ.એસ. તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત સરકારના ૧૨ વહીવટીય સેવાના અધિકારીઓને આજે મોડી રાત્રે આઈ.એ.એસ. કેડરમાં બઢતી આપવામાં આવી છે. જેમની નિમણૂક હવે વિધિવત રીતે સનદી અધિકારી તરીકેની કરવામાં આવશે.

જે અધિકારીઓને બઢતી આપવામાં આવી છે તેમાં શ્રી એચ. જે. વ્યાસ, જે. કે. ગઢવી, પી. એલ. સોલંકી, જે. બી. પટેલ, એચ. કોયા, એ. એમ. શર્મા, જે. આર. ડોડીયા, એમ. વાય. દક્ષિણી, એ. જે. શાહ, ડી. એસ. ગઢવી, આર. બી. રાજ્યગુરુ અને ડી. પી. દેસાઈનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં ૧૨ વહીવટીય સેવાના અધિકારીઓને બઢતી મળતા હવે ડેપ્યુટી ક્લેકટરોને પણ અધિક ક્લેક્ટર તરીકે બઢતી આપવાનો માર્ગ મોકળો થયો છે. રાજ્ય સરકારે નવનિયુક્ત સાત સનદી પ્રોબેશન અધિકારીઓને પણ નિમણૂક આસી. ક્લેક્ટર તરીકે આપતા હુકમો મોડી સાંજે જારી કરાયા છે.

## આપની આજ

**નરેન્દ્ર શાહ**
**(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)**

**આજે રાશિ સિંહ**

**આજના ગ્રહોની કુંડળી**




**ગુરુ - ચંદ્રનો ગજકેસરી યોગ ઉત્તમ છે. શુક્ર - મંગળ તેમજ ગુરુ - સૂર્યનો પરિવર્તન યોગ ઉચ્ચત્વ પ્રાપ્ત કરે છે. શુભ માલાયોગ છે. રાત્રે ૧૨.૧૫થી કન્યા રાશિ થાય છે.**

**મેષ** શનિની અઢી વર્ષની પનોતી છે. પૂજા - ભક્તિ કરવી - બાકીના ગ્રહો શુભ હોઈ મીશ્ર ફળ મળે.

**વૃષભ** સાતમે શુક્ર દેહ તંદુરસ્તી જાળવે. આર્થિક લાભ થાય. ચોથે ગુરુ દાનવીર બનાવે.

**મિથુન** સાતમે સૂર્ય પત્ની સાથે મતભેદ કરાવે. ત્રીજે ગજકેસરી યોગ ઉત્તમ છે.

**કર્ક** સાતમે બુધ શેરબજારમાં સાહસ ન કરવા માટે સૂચવે છે. મીશ્ર ફળ મળે.

**સિંહ** શનિની અઢી વર્ષની પનોતી છે. ભક્તિ - પૂજા કરવી. બાકીના ગ્રહો શુભ હોઈ મીશ્ર ફળ આપે.

**કન્યા** રાશિમાં રાહુ - બીજે મંગળ - ભીજે શનિ - શરીર સાચવવું - શસ્ત્રક્રિયા કરાવે. ભક્તિ કરવી.

**તુલા** શનિની સાડાસાત વર્ષની પનોતી ચાલે છે. બારમે રાહુ ને રાશિમમાં મંગળ પીડા કરાવે. ભક્તિ કરવી.

**વૃશ્ચિક** શનિની સાડા સાત વર્ષની પનોતી ચાલે છે. બારમે મંગળને રાશિમાં શનિ પીડા કરાવે - ભક્તિ કરવી.

**ધન** શનિની સાડા સાત વર્ષની પનોતી ચાલે છે. બારમે શનિ વ્યસની બનાવે. ભક્તિ કરવી.

**મકર** રાશિમાં બુધ રાશિપતિથી દ્રષ્ટ હોઈ વાયુ રોગે કરાવે - સાચવવું. ભક્તિ કરવી.

**કુંભ** સાતમે ગુરુ ચંદ્ર ધાર્મિક ભક્તિભાવ પ્રેરે. દસમે શનિ - શુક્ર ઉન્નતિ કરાવે.

**મીન** સાતમે રાહુ વ્યગ્રતા - આઠમે મંગળ - અશુભ ફળ આપે. સાચવવું. ભક્તિ કરવી.

## સફળ પરીક્ષણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંયુક્તરીતે ભારતીય નૌસેના, ડીઆરડીઓ અને ઈઝરાયેલ એરો સ્પેસ ઈન્ડસ્ટ્રી દ્વારા ચાલી રહી હતી. ઈઝરાયેલ દ્વારા એમએફ-સ્ટાર રડાર સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે જે એક સાથે સેંકડો ટાર્ગેટને શોધી શકે છે. આ મિસાઈલને ડીઆરડીએલ અને ડીઆરડીઓ દ્વારા ઈઝરાયેલ એરો સ્પેશ ઈન્ડસ્ટ્રી સાથે મળીને તૈયાર કરવામાં આવી છે. એલઆર-એસએએન વ્યવસ્થા ભારત ડાયનેમિક લિમિટેડ દ્વારા તૈયાર કરાઈ છે. આ મિસાઈલ ખુબ જ ઘાતક છે. પરીક્ષણ ભારતીય યુદ્ધ જહાજથી કરવામાં આવ્યું છે તે પણ મોટી બાબત છે. અગાઉ ઈઝરાયેલી યુદ્ધ જહાજથી તેના બે પરીક્ષણ સફળરીતે કરાયા હતા.

## ગોટાળો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અઠવાડિયે જાહેર કરાયું હતું પરંતુ આન્સર કીમાં છભરડાને પગલે બોર્ડ પ્રથમ સેમેસ્ટરનું પરિણામ જાહેર કરી શકાયું ન હતું. આજે સેમેસ્ટરનું પરિણામ જાહેર કરવાની જાહેરાત થતાં જ વિદ્યાર્થીઓ અને વાલીઓ સવારથી જ પરિણામ જોવા લાગ્યા હતા. પરંતુ સંસ્કૃત વિષય સાથે બી ગ્રુપ રાખનાર વિદ્યાર્થીઓનું પરિણામ ઓછું આવતા વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં નિરાશા વ્યાપી ગઈ હતી. વિજ્ઞાનના વિષયોમાં જે વિદ્યાર્થીઓને ૯૦-૯૫ માર્કસ આવ્યા હોય તેઓને પણ સંસ્કૃત વિષયમાં સાવ ઓછા માર્કસ આવતા વિદ્યાર્થીઓ ભારે હતાશામાં ધકેલાઈ ગયા હતા. સંસ્કૃત વિષયમાં ઓછા માર્કસની ફરિયાદ ઘણા બધા વિદ્યાર્થીઓએ કરી હતી જેના પરિણામે બોર્ડ દ્વારા તપાસ કરતાં સંસ્કૃતના પરિણામમાં છબરડો હોવાનું ધ્યાને આવ્યું હતું.

બોર્ડ તાત્કાલિક અસરથી પોતાની વેબસાઈટ બંધ કરી દીધી હતી અને સંસ્કૃત વિષયના પેપરનું રી-એસેસમેન્ટ કરવાનું નક્કી કર્યું હતું. બોર્ડ મોડી સાંજે જાહેરાત કરી હતી કે આવતીકાલે પુનઃ સંસ્કૃત વિષયનું પરિણામ જાહેર કરવામાં આવશે. આ છબરડાના કારણે ગાંધીનગરના બે હજારથી વધુ વિદ્યાર્થીઓના પરિણામ પર અસર પડી છે. આવતીકાલે સુધારેલું પરિણામ પુનઃ જાહેર કરવામાં આવશે. તેવી જાહેરાત થયા બાદ વિદ્યાર્થીઓને હાશકારો થયો હતો.

## સમયસર... અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનઓથોરાઈઝ બાંધકામને શરતભંગ ગણી હેતુ ફેર ગણી ઓથોરીટી દ્વારા તાજેતરમાં કેટલાક પ્રિમાઈસોને સીલી મારેલા છે. સદરહુ કાયદાની કલમ ૧૮ થી આ કાયદાની ઓવર રાઈડ અસઈ અપાઈ છે. જેથી અન્ય કોઈ કાયદામાં વિપરીત જોગવાઈ હોય તો પણ આ કાયદાના અમલ હેઠળ બાંધકામનો નિયબધ્ધ કવામાં પણ બીજા કાયદાનો બાધ નકડતો નથી. સદરહુ કાયદાની ૧૦(૧) માં કોઈ પણ જાતનો વિકાસ નિયમબધ્ધ થઈ શકે છે. તેવી જોગવાઈ હોવા છતાં આ કાયદાની કલમ ૧૦(૧)(૪) મુજબ વપરાશ ફેર (ચેઈન્જ ઓફ ઈસ્યુ)નો વિકાસ પણ નિયમબધ્ધ કરવાનો રહે છે.

સદરહુ કાયદાના અમલ માટે કોર્પોરેશન વિસ્તારની જમીનો માટે ગુડા અમલમાં હતું જે સમયે ગુડા દ્વારા ઈન્પેકટ ફી અંગે અરજીઓ મંગાવવામાં આવેલ અને તેનો લાભ લેવા ઘણા બધા અરજદારોએ અરજીઓ કરેલ જે પૈકી રહેણાંકમાં માર્જીન બાંધકામ વાળી અરજીઓ ઈમ્પેકટ ફી લઈ ગુડાએ મંજુર કરેલ અને રહેણાંકમાં વાણિજય હેતુ માટેની અરજીઓ ના મંજુર કરેલ જેમાં શનદની શરતનો ભંગ ગણી હેતુ ફેર માનેલ છે પરંતુ આ કાયદાની કલમ ૫(૧)ની જોગવાઈ મુજબ જો શરત ભંગ સંદર્ભે બાંધકામ દૂર કરવા કે ફેરફાર કરવા જો કોઈ સત્તાએ હુકમ કરેલ હોય તો તે પણ કાયદાની જોગવાઈ મુજબ આપોઆપ રદ થાય છે. તેથી શરત ભંગ ગણી કાયદાનો અમલ ના કરવો કે મંજુરી ના આપવી તે કાયદાની જોગવાઈઓના ભંગ સમાન છે. પ્રસ્તુત કાયદાની જોગવાઈ મુજબ અમદાવાદ શહેર સહિત રાજયમાં ઘણી બધી જગ્યાએ શરત ભંગને મંજુરી આપી છે. માણેકચોકમાં પણ આવી શરત ભંગની ૫૦ દુકાનોના શરત ભંગ રદ કરી સીલ ખોલવાનો હુકમ કરેલ છે. હાલમાં ગુજરાત હાઈકોર્ટમાં આ બાબતે સ્પે.સી.એ. ઘણા બધા અરજદારોએ દાખલ કરેલ છે તેવા સંજોગોમાં અનઓથોરાઈઝ ડેવલોપમેન્ટ એકટ ૨૦૧૧ નો લાભ ના આપી સરકારી તંત્રએ નગરજનોને દોડતા કરી ધંધા, રોજગાર ઠપ કરાવેલ છે જે વિકાસની પરિભાષાથી તદન વિપરીત હોવાનું જનઆલમમાં ચર્ચાનો મુદ્દો બનેલ છે. આગામી સમયમાં ગુજરાત હાઈકોર્ટે આ બાબતે શું નિર્ણય કરે છે તેની નગરજનો આતુરતાથી મીટ માંડીને બેઠા છે. વિલંબીત ન્યાય મળવો એ ન્યાય ના મળવા બરાબર છે. તંત્રની લટકતી તલવારનો સામનો હાલમાં વેપારીઓ મુંગા મોઢે કરી રહ્યા છે જે પાટનગરની બલીહારી છે આ અગાઉ પણ તંત્ર દ્વારા મોટા વેપારી સંકુલમાં મારેલ સીલ કોર્ટે ખોલી આપેલ છે. હવે હાલના સંજોગોમાં કાયદો કેવી રીતે મદદ કરે છે તે જોવાનું રહ્યું.